ખેડબ્રહ્મામાં ગેરેજમાં કામ કરતા એક કારીગરનુ મોત

ખેડબ્રહ્મા, તા.૧૨

સમગ્ર રાજ્ય જ્યારે ગરમીમાં શેકાઇ રહ્યું છે ત્યારે ખેડબ્રહ્મા શહેરમાં ગેરેજમાં કામ કરતા એક યુવાનનું ગરમીના કારણે મોત થયું છે. ખેડબ્રહ્મા શહેરમાં આરાધના સિનેમા પાસે આવેલા મોટર ગેરેજમાં નવી મેત્રાલ ના કુલદીપ કુમાર અરવિંદભાઈ પ્રજાપતિ ઉંમર વર્ષ ૨૦ ગેરેજ કામ કરતાં હતા ત્યારે બપોરના બે વાગ્યાના સુમારે અચાનક ચક્કર આવી જતા પડી ગયા હતા.

જેથી સાથે કામ કરતાં માણસોએ ખાનગી વાહનમાં ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા ત્યાં ફરજ પરના ડોક્ટરે ગરમી ના કારણે મરણ ગયેલા હોવાનું જણાવ્યું હતું. જે અંગે માણેકલાલ ખેમાભાઈ પ્રજાપતિએ ખેડબ્રહ્મામાં પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

ડીસામાં પારિવારીક એકતા પાંચ દીવસીય પરીસંવાદ યોજાશે

ડીસા, તા. ૧૨

આજના તણાવભરી જીંદગીમાં સુખ આનંદની અનુભુતિ થાય તે માટે સ્વામિનારાયણ ડીસા વિભાગ દ્વારા રામચરિત માનસ આધારીત પરીવારિક એકતા વ્યાખ્યાનનો તા. ૧૨-૫-૨૦૧૮ થી તા. ૧૬-૫-૨૦૧૮ સુધી પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં વક્તા જનમંગલ સ્વામી (પૂરાણી) શ્રાવકોને સુખની વ્યાખ્યા, ગુંચવાયેલુ જીવન, પતિ પત્નિના મનભેદ, સહનશક્તિ, ક્રોધ, સ્ત્રી અત્યાચાર, ધંધામાં નિષ્ફળતા જેવા પ્રશ્નોનું નિરાકરણ અને શાશ્વત શાંતિ મળે તે માટે વિશદ્ વ્યાખ્યાન દ્વારા શાંતિનો અહેસાસ કરાવી માનવજીવનમાં સુખની કઈ રીતે અનુભૂતિ થાય અંગે છણાવટ કરશે. પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી આયોજન આ કાર્યક્રમમાં ડીસા શહેર અને આજુબાજુના લોકોને પધારવા ખાસ અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમ સ્પોર્ટક્લબ ખાતે રાત્રે ૮.૩૦ થી ૧૧ કલાક દરમ્યાન યોજાનાર છે. જેનો લાભ લેવા આહવાન કરાયુ છે.

પ્રાંતિજના સાદોલીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈકચાલકનું મોત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલીયા પાસે વહેલી સવારે બાઈક ઉપર જઈ રહેલ બાઈકચાલકનું અજાણ્યા વાહનની ટક્કરથી ઘટનાસ્થળે મોત થયુ હતુ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ટુડોરથી અનોડીયા જતા રોડ ઉપર સાદોલીયા ગામની સીમ પાસે સુજલામ સુફલામ્ કેનાલ નજીક વહેલી સવારે બાઈક નંબર જી.જે.૦૯ એ.એન. ૩૨૭૭ ઉપર જઈ રહેલ ઈન્દ્રસિંહ રાઠોડ રહે. સાદોલીયાને કોઈ અજાણ્યા વાહન ચાલકે ગફલતભરી રીતે પુરઝડપે હંકારી લાવી ટક્કર મારી નીચે પાડી ઈન્દ્રસિંહ રાઠોડને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચતા સ્થળ ઉપર મોત નિપજાવી ભાગી જતાં કુંદનસિંહ રણજીતસિંહ રાઠોડ રહે. સાદોલીયાની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ પોલીસે ઈ.પી.કો.ક ૨૮૯, ૩૦૪ (અ) તથા એમ.વી એકટ ક.૧૭૭, ૧૮૪, ૧૩૪ (બી) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરમાં ઝઘડાની અદાવત રાખી હુમલો કરાતા ત્રણ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના પાંચ બત્તી વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ ત્રણ શખ્સોએ એક મહિલા સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ શુક્રવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

હિંમતનગરના માચીસ ફેક્ટરીના મધુનગરમાં રહેતા મીરાબેન ગોવિંદભાઈ લુહારના જણાવાયા મુજબ થોડા સમય અગાઉ ગમે તે કારણસર તેમની સાથે બેરણાના અરજણભાઈ જેસંગભાઈ લુહાર, આભલબેન અરજણભાઈ લુહાર તથા અન્ય એક શખ્સે ગત તા. ૯ મે ના રોજ ભેગા મળીને ઝઘડાની અદાવતમાં હુમલો કરી મીરાબેનને ઈજા પહોંચાડી હતી. તથા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મીરાબેને ત્રણેય વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં ૨૯૧ કરોડના વિવિધ કામોનું લોકાર્પણ

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે બનાસકાંઠા જીલ્લામાં રૂ. ૨૯૧ કરોડના ખર્ચથી નિર્માણ થનાર રસ્તા, પુલ વગેરે કામોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. પાલનપુર-દાંતા-અંબાજી ફોરલેન રસ્તાનું તથા દાંતાથી આંબાઘાટા રસ્તાને ફોરલેન બનાવવાના કામનું અને યાત્રાધામ અંબાજી મુકામે નવિન અતિથિગૃહ બનાવવાના કામનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. ઉપરાંત રામપુરા (વડલા) એપ્રોચ રસ્તા ઉપર મેઝર બ્રિજનું અને વિરમપુર-ઘોડા-ગાજી રસ્તા ઉપરના પુલની કામગીરીનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અંબાજી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વિશાળ જનમેદનીને સંબોધતાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે અંબાજી તીર્થસ્થાન કરોડો માઈભકતોની શ્રધ્ધા અને ભક્તિનું પરમ પવિત્ર તીર્થસ્થાન છે. અહીં લાખો માઈભકતો ગુજરાત અને દેશભરમાંથી દર્શનાર્થે આવે છે ત્યારે સારા રસ્તાઓ બનવાથી યાત્રિકોને તે વધુ ઉપયોગી નિવડશે અને સારા રસ્તાઓ બનવાથી તે વિસ્તારોને ઝડપી વિકાસની સુવર્ણતક મળે છે. વિધાનસભામાં બજેટ રજુ કર્યુ ત્યારે રાજયના તમામ યાત્રાધામોને ચારમાર્ગીય રસ્તાઓથી સાંકળી લેવા નક્કી કર્યુ હતુ તે હવે સાકાર થઇ રહ્યું છે. રાજયમાં ચાલતા રસ્તાના કામોની તેમણે વિગતો આપી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વણથંભી વિકાસયાત્રા સફળતાપૂર્વક સતત આગળ વધી રહી છે. તેમણે ઉમેર્યુ કે વિકાસ અને સુશાસન માટે સમગ્ર દેશ અને દુનિયાને આદર્શ પ્રેરણા આપી છે. સરકારની અભિયાનસ્વરૂપ વિરાટ કામગીરીને લીધે લોકોની આવક, સુખાકારી અને સમૃધ્ધિમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે. ગુજરાતનો અજોડ વિકાસ ભાજપ સરકારની મહેનતનું સુંદર પરિણામ છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે સભાને સંબોધતા કહ્યું હતુંકે આ સરકાર ગરીબો, વંચિતો, ખેડૂતો, મહિલાઓ, વિધાર્થીઓ સહીત સૌના કલ્યાણ માટે સમર્પિત સરકાર છે અને સંવેદનશીલ અને પારદર્શક અભિગમને લીધે પ્રજા અને સરકાર વચ્ચે વિશ્વાસનો અતુટ સેતુ સ્થપાયો છે. અકસ્માત સમયે કમનસીબે થતા મૃત્યને નિવારવા આ સરકારે રાજયભરમાં કયાંય અકસ્માત થાય તો તે સમયે ભોગ બનનાર તે વ્યક્તિ ગમે તે રાજયની હોય તો પણ તેને શરૂઆતના ૪૮ કલાક સુધી રૂ.૫૦,૦૦૦/- સુધીની સારવારનો ખર્ચ રાજય સરકાર આપશે જેથી કોઇના મહામુલા જીવનને બચાવી શકાશે. વધુમાં તેમણે જણાયું હતુંકે

રસ્તાઓ બનવાથી વિકાસકૂચ ઝડપી બને છે. ગુજરાતમાં કંડલા સહીત મહત્વનાં બંદરો હોવાથી વિશ્વ સાથે આયાત- નિકાસ માટે ગુજરાત પ્રવેશદ્વાર સમાન હોવાથી રસ્તાઓ સારા બનવાથી વિકાસકૂચ વધુ વેગવંતી બનશે. આ પ્રસંગે તેમણે આરોગ્યની વિવિધ યોજનાઓની વિગતો આપતાં જણાવ્યું કે આ યોજનાઓ સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી બની છે અને આ સરકાર પ્રજાને જરૂરી તમામ સુવિધાઓ આપવા સક્રિય અને સંકલ્પબધ્ધ છે. તેમણે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ હસ્તકના દવાખાના વિશે બોલતાં જણાવ્યું કે દવાખાના અંગે જરૂરી એમ.ઓ.યુ. થઇ ગયા છે તેમજ નજીકના સમયમાં દવાખાનું કાર્યરત કરાશે. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે અંબાજી મુકામે ભક્તિભાવપૂર્વક આધશક્તિ મા અંબેના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મંદિરના શિખર ઉપર ધજા ચડાવી હતી. આ પ્રસંગે બોલ મારી અંબે... જય જય અંબે...ના જયઘોષથી ચાચરચોક ગુંજી ઉઠયો હતો.

અપહરણના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૧૨

ઈડર પોલીસ સ્ટેશનમાં બે વર્ષ અગાઉ અપહરણના કેસમાં પોલીસને થાપ આપી નાસતા ફરતા સાબલવાડાના એક શખ્સને એલસીબીએ શુક્રવારે ઈડર બસ સ્ટેન્ડમાંથી ઝડપી લીધો હતો.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૬માં ઈડર પોલીસ સ્ટેશનમાં અપહરણના ગુનામાં સંડોવાયેલા મનાતા ભવાનભાઈ મનુભાઈ ઠાકોર (રહે. સાબલવાડા) બે વર્ષથી પોલીસને થાપ આપી ભાગતો ફરતો હતો. દરમ્યાન એલસીબીને ભવાનભાઈ ઠાકોર શુક્રવારે ઈડર બસ સ્ટેન્ડમાં હોવાની બાતમી મળતા પોલીસે એલસીબીના કેટલાક કર્મચારીઓને ઈડર બસ સ્ટેન્ડમાં ગોઠવી દીધા હતા. અને ભવાનભાઈ ઠાકોર નજરે પડતા તેમને પોલીસે તરત જ ઝડપી લીધા હતા. અને કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ તેને ઈડર પોલીસ સ્ટેશનમાં મોકલી આપ્યો હતો.

માલપુરના મેવડા ગામે ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મેવડા ગામે શ્રમિકો નુ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના માર્ગદર્શન હેઠળ ધન્વન્તરી આરોગ્ય રથની ટીમ દ્વારા સ્થળ ઉપર જ જઇને મેડીકલ ચેકઅપ, લેબોરેટરી ટેસ્ટ સાથે રોગોનુ નિદાન કરી બિમાર વ્યક્તિઓને સારવાર આપવામાં આવી. તેમજ સરકાર તરફથી અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. અરવલ્લી જીલ્લાના પ્રોજેકટ મેનેજર પદ્મનીબહેન પટેલ દ્વારા દરેક શ્રમજીવી લોકોના નોંધણી ફોર્મ ભરી શ્રમિકકાર્ડ નીકાળવા માટેની કાર્યવાહી કરવામાં આવી હતી.

શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈનું વિજ્ઞાન પ્રવાહનું ગૌરવ

ટીંટોઈ, તા. ૧૨

વિજ્ઞાન પ્રવાહ ઉ.મા. વિભાગનું બોર્ડનું પરીણામ જાહેર થતાં શ્રી ટીંટોઈ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈ સંકુલમાં શ્રીમતિ મંજુલાબેન તથા શ્રી સોમાલાલ ખેમરામ વ્યાસ વિદ્યાભવનમાં વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનું પરીણામ જાહેર થતાં પ્રથમ દિપ્તીબેન અમરતભાઈ પટેલ ૮૫.૫૩ પીઆર, બીજા ક્રમે સરિતાબેન ધનજીભાઈ પંડવારા ૮૨.૨૭ પીઆર, ત્રીજા ક્રમે બે વિદ્યાર્થીનીઓ દિવ્યાબેન ભીખાભાઈ પરમાર તથા રૂશ્વી જીજ્ઞેશભાઈ સુથાર ૮૦.૯૨ પીઆર મેળવી ઉત્તીર્ણ થયા હતા.

સંસ્થાના પ્રમુખ મનોજકુમાર ભટ્ટ, ચેરમેન પ્રહલાદસિંહજી ચંપાવત (ટોમબાપુ), માનદમંત્રી સલિમભાઈ બાકરોલીયા, ખજાનચી વિષ્ણુભાઈ મુખી તથા આચાર્ય વિજયકુમાર ભટ્ટ તેમજ તમામ હોદ્દેદારો, સભ્યો, તેમજ શાળાના તમામ સ્ટાફ દ્વારા અભ્યાસ કરાવતા વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો તેમજ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ હવે પછી સારી કોલેજમાં પ્રવેશ મેળવી સારૂ પરીણામ લાવી ઉચ્ચ કારકિર્દી હાંસલ કરે અને સમાજમાં નામના કેળવે અને સંસ્થાનું નામ રોશન કરે તેવી તમામને શુભેચ્છા પાઠવી હતી.

ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા વેચાતા એલઈડી બલ્બનું વેચાણ એકાએક બંધ

રોજબરોજ અનેક ગ્રાહકો બલ્બ લેવા ધક્કા ખાય છે : અધિકારીઓ જવાબ આપતા નથી

હિંમતનગર, તા. ૧૨

રાજ્ય સરકાર દ્વારા વિજળી બચાવો અભિયાન માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ તેનું અમલીકરણ કરતી રાજ્યની ચાર વિજ કંપનીઓને જાણે કે વિજળી બચાવવામાં રસ ન હોય તેવું જણાઈ રહ્યું છે. થોડા મહિના અગાઉ વિજ કંપની દ્વારા વેચાતા એલઈડી બલ્બ તથા અન્ય વિજ ઉપકરણો મળતા નથી. જે અંગે ગ્રાહકો પુછવા જાય તો વિજ કંપનીના અધિકારીઓ કોઈ જવાબ આપતા નથી. તેથી વિજળી બચાવોનું સૂત્ર પુરા ગુજરાતમાં પોકળ સાબિત થયું છે.

આ અંગેની વિગત એવી છે કે થોડા મહિનાઓ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિજળી બચાવો અભિયાનની શરૂઆત કરીને ઓછો વિજ વપરાશ વાળા એલઈડી બલ્બ મોટે ઉપાડે દિલ્હીમાં બેસીને લોંચ કર્યા હત. જોકે ત્યારબાદ ગુજરાતમાં આ એલઈડી બલ્બ, પંખા, ટ્યુબલાઈટનું ધુમ વેચાણ શરૂ થયુ હતુ. જોકે તેના કારણે ગ્રાહકોને વિજ વપરાશનું બીલ ઓછુ આવતુ હતુ. જેથી સારો પ્રતિસાદ મળતા સાબરકાંઠા જિલ્લામાં આવેલી સબસ્ટેશનની કચેરીમાં આ એલઈડી બલ્બ તથા અન્ય વિજ ઉપકરણો ગ્રાહકોને વ્યાજબી ભાવે અને સરળતાથી મળી શકતા હતા.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી વિજ કંપની દ્વારા અથવા તો તેનો સહયોગથી વેચાતા એલઈડી બલ્બ તથા અન્ય વિજ ઉપકરણોનું વેચાણ ગમે તે કારણસર બંધ થઈ ગયુ છે. જ્યારે કોઈ પણ ગ્રાહક આ અંગે જાણકારી મેળવવા જાય તો વિજ કંપનીના અધિકારીઓ અમને કંઈ ખબર નથી અથવા તો અમે તો ખાલી બેસવા માટે અને વેચવા માટે જગ્યા આપી હતી. પરંતુ આ એલઈડી બલ્બ ક્યારે મળશે અથવા તો ક્યાંથી મળશે તે અંગે કોઈ જાણકારી આપવામાં આવતી નથી. જેના કારણે રોજબરોજ જિલ્લાના હજારો ગ્રાહકોને મોંઘા ભાવે અન્ય કંપનીઓના બલ્બ તથા વિજ ઉપકરણો પરાણે ખરીદવા પડે છે. જેથી આ અંગે રાજ્ય સરકારે સત્વરે વિજ કંપની મારફતે વેચાતા એલઈડી બલ્બનું વેચાણ શરૂ કરાવવું જોઈએ.

પ્રાંતિજના રસુલપુર ખાતે રાજસ્થાનનો યુવાન મળી આવતા પોલીસે પરીવાર સાથે મિલન કરાવ્યું

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રસુલપુર ખાતેથી અસ્થિર મગજનો ૨૫ વર્ષનો યુવાન મળી આવતાં ગ્રામજનો દ્વારા પોલીસને જાણ કરી હતી. પોલીસને યુવકના ખીસ્સામાંથી મોબાઈલ નંબર મળી આવતાં ફોન ઉપર સંપર્ક કરી યુવકને પરીવાર સાથે મિલન કરાવ્યું હતું.

રસુલપુર ગામે રોડ ઉપરથી ઉભા- ઉભા ગામની અંદર આવેલ દુકાનો સાઈડે પથ્થર મારતાં ગામમાં રહેતાં કેટલાક લોકો દ્વારા પોલીસ ને જાણ કરવામાં આવી હતી તો પોલીસે રસુલપુર ખાતે પહોચી હતી. પ્રથમ નજરે જ યુવક અસ્થિર મગજનો હોવાનું લાગતાં તેની તપાસ કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી મોબાઈલ નંબર મળી આવતાં તે નંબર ઉપર સંપર્ક કરતાં રાજસ્થાનના જીયલા સેકન્ડ દુર્ગાવાસ તા. બ્યાવર, જી. અજમેરનો હોવાનું જાણવાં મલ્યુ હતું અને યુવકનું નામ નરપતસિંગ નિયતસિંગ રાવત હોવાનું માલુમ પડયુ હતું અને તે પરણિત હોવાનું પણ જાણવા મલ્યુ હતું. પોલીસે યુવકના ફોટા વોટશોપ ઉપર મોકલતા પરીવારના સભ્યોએ ઓળખી પાડયો હતો અને રાજસ્થાનથી તેને લેવા પ્રાંતિજ પોલીસ સ્ટેશને આવી પહોચ્યા હતાં. પોલીસે મળી આવેલ યુવકને તેના પરિવારને સોંપ્યો હતો. પરીવારના સભ્યો પણ ગુમ થયેલ નરપતસિંગ મળી આવતાં ખુશી જોવા મળી હતી અને પ્રાંતિજ પોલીસ તથા સ્ટાફનો આભાર માન્યો હતો.

બાલેટામાં બાકી રૂપિયાની ઉઘરાણી કરતા ઝઘડો થતા ટોળા વિરૂદ્ધ ફરીયાદ

ઝઘડો કરી પાંચ ઈસમો દાગીનાની લૂંટ કરી ભાગી ગયા

હિંમતનગર, તા. ૧૨

વિજયનગર તાલુકાના બાલેટા ગામે ગુરૂવારે એક દુકાનમાં ઠંડુ પીણુ લેવા માટે ગયેલા શખ્સ પાસે દુકાનદારે અગાઉના બાકીના પૈસાની ઉઘરાણી કરતા આ શખ્સે દુકાનદાર સાથે ઝઘડો કરી પંદરથી વધુ લોકોને બોલાવી અફડાતફડી કરી એક જણાને માર મારી સોનાના દાગીનાની લૂંટ કરી ટોળુ ભાગી ગયુ હતુ. જેથી દુકાનદારે પાંચ શખ્સો સહિત પંદરથી વીસના ટોળા વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે બાલેટાના રાજેન્દ્રકુમાર મરતાજી ગામેતીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગુરૂવારે ગામના હરેશભાઈ મગનભાઈ ખતાત નિતેષ મનસુખભાઈ ખતાત, રોહિતકુમાર મનસુખલાલ ખતાત, સંજયકુમાર બાલુસિંહ ખતાત અને મોહનભાઈ મંગળાજી ખતાત રાજેન્દ્રકુમાર ગામેતીની દુકાને આવીને ઠંડા પીણાની બોટલ માગી હતી જેથી રાજેન્દ્રકુમારે અગાઉના બાકી પૈસાની ઉઘરાણી કરતા હરેશભાઈ ખતાતે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી હતી અને અન્ય લોકોને બોલાવી મનોજભાઈ પર લોખંડની પાઈપ તથા સળીયાથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

ત્યારબાદ આ પાંચેય જણાએ અન્ય પંદરથી વીસ જણાને દુકાને બોલાવી ઝઘડો કરી અફડાતફડી મચાવી દીધી હતી અને રાજેન્દ્રકુમાર ગામેતીના શરીર પર પહેરેલ સોનાની ચેન, વીંટી તથા ઘડીયાળની લૂંટ કરી ભાગી ગયા હતા. અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગયા હતા. જેથી રાજેન્દ્રકુમાર ગામેતીએ પાંચ શખ્સો સહિત પંદરથી વીસના ટોળા વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

પાલનપુર ખાતે મુખ્યમંત્રીના સચિવની અધ્યક્ષતામાં જળસંચય અંગેની બેઠક યોજાઈ

તા. ૧ લી મે, ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વિરાટપાયે જળસંચયના કામો શરૂ કરવામાં આવ્યા છે. પાલનપુર ખાતે મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારના અધ્યક્ષસ્થાને અધિકારીઓ સાથે જળ અભિયાન અંગેની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં સચિવએ વિવિધ કચેરીના અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરી ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારએ અધિકારીઓને જણાવ્યું કે જળસંચયના કામોમાં લોકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિભાવ મળે અને લોકો પાણીના મહત્વને સમજી આ અભિયાનમાં સામેલ થાય એ બહુ જરૂરી છે. જનપ્રતિનિધિઓ પણ આ અભિયાનમાં સામેલ થાય એ બહુ આવકાર્ય છે. સચિવએ અધિકારીઓને જણાવ્યું કે જળસંચય માટે વિરાટ પાયે સરકાર દ્વારા હાથ ધરાયેલ આ અભિયાનમાં સૌને સામેલ કરી અભિયાનને વિક્રમજનક સફળ બનાવીએ. અધિકારીઓને જળસંચયના કામોની નિયમીત મુલાકાત લેવા સચિવએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે જળસંચયનાં કામો થાય છે ત્યાં વરસાદ આવ્યા પછી વૃક્ષારોપણ કરી વૃક્ષોનો ઉછેર થાય તેવુ પણ આયોજન કરીએ. અશ્વિનીકુમારએ સમીક્ષા બેઠકમાં અધિકારીઓને જણાવ્યું કે જળસંચયના કામોની સંખ્યા વધારીએ તથા કાળજીપૂર્વક અને ગુણવત્તાસભર કામો કરાવીએ. જળસંચય અંગે પ્રજામાં વધુ જાગૃતિ લાવવા પોસ્ટર્સ, હોડલ્ગ્સ તથા જરૂરી પ્રચાર-પ્રસાર કરાવવા તેમણે સુચના આપી હતી.